ત્વરિત જાહેરાત માટે

## પરિપૂર્ણ સમુદાયોનું સર્જન. શહેરની ભૂમિનું પરિવર્તન.

*કેનેડી રોડ સાઉથની ભાવિ સાઈટ.,હાઈવે 410 અને 407 પર પોતાના મત દર્શાવો*

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (02 ફેબ્રુઆરી 2023) – સિટી ઓફ્ બ્રૅમ્પટન આખા સમુદાય સાથે પ્રવૃત્ત થવાનો કાર્યક્રમ આજથી શરૂ કરે છે, જેમાં કેનેડી રોડ સાઉથ,હાઈવે 410 અને 407 ખાતે સ્થિત શહેરની ભૂમિના ભવિષ્ય પર નિવાસીઓ, વ્યવસાયો અને સ્થાનિક હિસ્સાધારકોના મંતવ્યો લેવાશે.

સિટીના 2040ના વિઝનમાં જેને અપટાઉન બ્રૅમ્પટનના પૂર્વના મહત્ત્વપૂર્ણ વિસ્તાર તરીકે ઓળખી કાઢવામાં આવ્યો છે તેવા આ 45.3 હેક્ટર (112 એકર) તેવી આ સાઇટની માલિકી  સિટી ઓફ્ બ્રૅમ્પટનની છે જેમાં પરિવર્તનની ક્ષમતા આ વિસ્તારને પ્રાંતીય ગંતવ્ય સ્થળ તરીકે વિકસાવવાની સંભાવના છે.

2019 ના તકનીકી વિશ્લેષણમાં આ વિશાળ, વિકાસશીલ વિસ્તાર (અગાઉ "સીએએ લેન્ડ્સ" તરીકે ઓળખાતા) ને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સથી નવા શહેરી રૂપમાં ઉચ્ચ-ઘનતાવાળા રહેણાંક, વ્યવસાય, નવરાશની પ્રવૃત્તિઓઅને પર્યટન માટેની મોટી પરિવહન લક્ષી તકો તરીકે પરિવર્તિત કરવાની વ્યૂહાત્મક તક તરીકે ઓળખી કાઢવામાં આવી.

હાલમાં, આ વિસ્તારમાં CAA સ્પોર્ટ્સ અને મનોરંજન ફેસિલિટી (જે અગાઉ પાવરેડ સેંટર હતું) સ્થિત છે. ભૂમિનું રિડેવેલપમેન્ટ સિટીના વિઝન સાથે મેળ ખાય છે જેમાં એવી પરિયોજનાઓ આકાર લે જેથી "પરિપૂર્ણ સમુદાયો" બની શકે.

રસ ધરાવતા પક્ષો માટે સિટી એક્સ્પ્રેશન ઓફ્ ઈન્ટરેસ્ટ (EOI) આરંભી રહ્યા છે જેઓ આ વિસ્તારને  ગતિશીલ શહેરી દુનિયા અને ચાલી શકાય એવા પાડોશમાં પરિવર્તિત કરી શકે  તેવી વ્યાપક યોજનાઓ રજૂ કરી શકે જેમાં સ્ટેટ ઓફ્ આર્ટ, મલ્ટિપર્પઝ ક્રિકેટ ફેસિલિટીનો સમાવેશ હોય.

### એક્સ્પ્રેશન ઓફ્ ઈન્ટરેસ્ટ (EOI) સમયસીમા

- Q1 2023 - એક્સ્પ્રેશન ઓફ્ ઈન્ટરેસ્ટ પ્રકાશિત કરવો
- Q2 2023 - એક્સ્પ્રેશન ઓફ્ ઈન્ટરેસ્ટનું મૂલ્યાંકન
- Q3 2023 - કાઉન્સિલને અહેવાલ આપવો

**પ્રવૃત્તતા**

પરિપૂર્ણ સમુદાયો તેઓ સેવા આપે છે એવા રહેવાસીઓ, વ્યવસાયો અને સ્થાનિક જૂથોને પ્રતિબિંબિત કરે છે.

બ્રૅમ્પટનવાસીઓ આ વિસ્તાર માટેની યોજનાઓમાં શાનો સમાવેશ થતો જોવા માંગે છે? અમે નિર્ણય લઈએ તેમાં તમારા અભિપ્રાય મહત્ત્વપૂર્ણ છે. જાહેર પ્રતિભાવ માટે આ સર્વેક્ષણ 28 ફેબ્રુઆરી 2023 સુધી ખુલ્લુ છે. તમારા આઇડિયા ઓનલાઇન રજૂ કરીને પોતાનું મંતવ્ય દર્શાવો.

**સુવાક્યો**

“આ શહેરની માલિકીની સાઇટને વિકસિત કરવાની સંભાવના અતિ રોમાંચક છે અને હું બધા બ્રૅમ્પટનવાસીઓને આ અનોખા પ્રોજેક્ટ વિશે વધુ જાણવા માટે પ્રોત્સાહિત કરું છું અને આપણે કેવી રીતે આગળ વધી શકીએ તેમાં તેમના મંતવ્યો સામેલ હોય. સાચું પૂછો તો આ એક કોરી પાટી છે અને તેમાં રહેલ સંભાવનાઓ અસંખ્ય છે. આપણી પાસે કંઈક ખાસ કરવાની તક છે જેથી એક લિગસી પ્રોજેક્ટ ઊભો થઈ શકે જેમાં કેન્દ્રબિંદુ મલ્ટિપર્પઝ ક્રિકેટ ફેસિલિટી હોય જે પેઢી દર પેઢીમાં ક્યારેક જ મળતી તક છે જ્યારે બ્રૅમ્પટનનો મનોભાવ આવનાર દસકાઓ સુધી ચમકતો રહી શકે.

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"આપણા સમુદાયનું સશક્તિકરણ અને આ પરિવર્તનશીલ તકમાં ભાગ લેવો તે સિટી લેન્ડ્સ પ્રોજેક્ટ માટે અમારી વિશેષ અગ્રિમતાઓ પૈકી એક છે. રહેવાસીઓ, વ્યવસાયો અને સ્થાનિક હિસ્સાધારકોના જ્ઞાન અને જાણકારીમાં ડોકિયું કરીને આપણે એવા પરિપૂર્ણ સમુદાયોનું સર્જન કરી શકીએ જે ટકાઉ હોય, રહેવાલાયક હોય અને જે લોકોની સેવા માટે બનાવવામાં આવ્યા હોય તેમની વાસ્તવિક જરૂરિયાતોને દર્શાવે."

- *માઇકલ પલેશી, રિજનલ કાઉન્સિલર, વૉર્ડ 2 & 6 પ્રમુખ, પ્લાનિંગ એન્ડ ડેવેલપમેન્ટ, સિટી ઓફ બ્રૅમ્પટન*

"બ્રૅમ્પટનમાં આવી જબરદસ્ત અને રોમાંચક તક માટે અમે દૂર દૂરથી પ્રતિભાવ અને અભિરૂચિની શોધ ચલાવી રહ્યા છીએ. જ્યારે અમે સરકાર, ખાનગી ક્ષેત્ર, બિન-નફાકારક સંસ્થાઓ, શિક્ષણવિદો અને બીજા ઘણા લોકો વચ્ચેની ભાગીદારી જોઈએ છીએ-ત્યારે અમને સહયોગ અને પ્રેરણા આપતા ઇનોવેશન દેખાય છે જે આપણા શહેરને અતિશય મૂલ્ય પ્રદાન કરે છે. હું આપણા સમુદાયના વિઝન વિશે વધુ જાણવા ઉત્સુક છું અને આ વાર્તાલાપમાં ભાગ લઈ પોતાના મંતવ્યો દર્શાવવા પ્રોત્સાહિત કરું છું."

- *હરકિરત સિંઘ, નાયબ મેયર અને સિટી કાઉન્સિલર, વૉર્ડ 9 અને 10 ઉપપ્રમુખ, પ્લાનિંગ એન્ડ  ડેવેલપમેન્ટ, સિટી ઓફ બ્રૅમ્પટન*

"બ્રૅમ્પટનના વિસ્ફોટક વિકાસ અને અસંખ્ય તકો હોય ત્યારે, શહેર લેન્ડ્સ પ્રોજેક્ટ જેવી પરિવર્તનશીલ તકો આપણા સમુદાયની જરૂરિયાતો, ઈચ્છાઓ અને ભાવનાને દર્શાવીને સુનિશ્ચિત કરે છે કે સિટી આ ગતિને વધુ બળ પ્રદાન કરી રહ્યા છે. અમારું મુખ્ય ફોકસ આખી પ્રક્રિયા દરમિયાન રહેવાસીઓ, વ્યવસાયો, બિલ્ડરો અને સ્થાનિક સંસ્થાઓ સાથે પ્રવૃત્ત થવા પર છે જેથી સુનિશ્ચિત કરી શકાય કે આપણે જે વિકાસ સાધીએ તે ટકાઉ હોય અને કરદાતાઓને મૂલ્ય પ્રદાન કરે અને બ્રૅમ્પટનમાં જીવન ગુણવત્તામાં વધારો થાય.

- *ડેમાર્લન કલિડીન, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (Marlon Kallideen, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca